# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી

તા. ૧૭/૦૮/૨૦૧૦

## વિધાર્થીઓની દ્વિધા અને મુંઝવતા પ્રશ્નો ના વિસ્તૃત જવાબો

પ્રશ્ન.૧ શું. જી.ટી.યુના ડીટેન્શન માટે બેકલોગની સંખ્યામાં વધારો થયો છે.?

જવાબ ના. પરંતુ રેમીડીયલ પરીક્ષા જે સેમેસ્ટરના પરિણામ બાદ તુરંત લેવામાં આવતી હતી તે હવે પછી સેમેસ્ટરના અંતે લેવામાં આવશે. દા.ત. બીજા સેમેસ્ટરની રેમીડીયલ પરીક્ષા ત્રીજા સેમેસ્ટરના અંતે લેવામાં આવશે.

પ્રશ્ન. ૨ આપને પ્રથમ સેમેસ્ટરમાં ચાર બેકલોગ છે બીજા સેમેસ્ટરની પરીક્ષા આપી છે અને તેમાં બધા વિષયોનો બેકલોગ છે. તો ત્રીજા સેમેસ્ટરમાં જઈ શકાય કે નહી.

જવાબ હા. જઈ શકાય અને ત્રીજા સેમેસ્ટરનો અભ્યાસ તેમજ તેની પરીક્ષા પણ આપી શકો. પરંતુ જયારે બીજા સેમસ્ટરની રેમીડીયલ અને પ્રથમ સેમેસ્ટરની મુખ્ય પરીક્ષા લેવાય અને તેના પરિણામ બાદ જો પ્રથમ અને બીજા સેમેસ્ટરના કુલ પાંચ બેકલોગ થાય તો ચોથા સેમેસ્ટરમાં જઈ શકશો નહી. ત્રીજા સેમેસ્ટરનું પરિણામ જાહેર થશે અને તેની ટર્મ પણ ગ્રાન્ટ થશે.

પ્રશ્ન–૩ જો તમે ઓછી હાજરીના કારણે ડીટેઈન હોઈ / યુ.એફ.એમ અથવા પરીક્ષા ફોર્મ ભરેલ ન હોય તો શું થાય.?

જવાબ જો તમે હાલમાં બીજા સેમસ્ટરમાં ડીટેઈન થયા હોઈ અથવા યુ.એફ.એમ અથવા પરીક્ષા ફોર્મ ભરેલ ન હોય તો તમો ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરી શકશો નહી.

પ્રશ્ન–૪ યુ.એફ.એમ.ની સજા થયેલ છે તો સજાની વિસ્તૃત માહિતી આપશો.

જવાબ તમોને જણાવુ કે જી.ટી.યુની વેબસાઈટ પર તા. ૮/૧૦/૨૦૦૯ નો પરિપત્ર મૂકવામાં આવેલ છે તેમાં આ અંગેનું વિસ્તૃત વિવરણ આપેલ છે તે જોઈ લેવુ.

પ્રશ્ન–૫ હું ૨૦૦૮ નો વિધાર્થી છું મારે પ્રથમ સેમેસ્ટરમાં ત્રણ બેકલોગ હતા અને બીજા સેમેસ્ટરમાં ત્રણ બેકલોગ થતાં મારે કુલ છ બેકલોગ થવાને કારણે હું ડીટેઈન થયેલ ત્યારબાદ પ્રથમ સેમેસ્ટરની રેમીડીયલ આપ્યા બાદ મારા બે બેકલોગ પ્રથમ સેમેસ્ટરમાં રહે છે. આ વખતે બીજા સેમેસ્ટરમાં મારે ફરીવાર ત્રણ બેકલોગ આવે છે તો હું આગળ ભણી શકું ?

જવાબ ના. કારણકે તમે જે બીજા સેમેસ્ટરની પરીક્ષા આપી તે તમારા માટે રેમીડીયલ પરીક્ષા કહેવાય. તમો મુખ્ય પરીક્ષા બાદ જે પરીક્ષા આપો તે તમારા માટે રેમીડીયલ પરીક્ષાજ કહેવાય.

ઈન્ચાર્જ પરીક્ષા નિયંત્રણ અધિકારી